૨૧૨ / ૮૧૩

અગત્યનું

ક્રમાંક:મઉમશબ/સંશોધન/૨૦૨૦/૧૧૯૮-૧૨૨૫
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેક્ટર-૧૦ બી, જૂના સચિવાલય પાસે,
ગાંધીનગર. તા. ૧૭/૦૩/૨૦૨૦

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, (તમામ)
જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,
ગુજરાત રાજ્ય.

વિષય:- ધો-૧૦ના વિદ્યાર્થીઓના કારકિર્દી માર્ગદર્શન માટે લેવામાં આવનાર એપ બેઝ્ડ ઇન્ટરેસ્ટ એન્ડ એપ્ટિટ્યૂડ ટેસ્ટ મોકૂફ રાખવા બાબત.

સંદર્ભ:- ૧. અત્રેની કચેરીના પત્રક્રમાંક:મઉમશબ/સંશોધન/૨૦૨૦/૮૪૮-૮૮૨, તા.૧૫/૦૨/૨૦૨૦
૨. શિક્ષણ વિભાગના જાહેરનામા ક્રમાંક:પરચ-૧૧૨૦૨૦-૧૫૧-વ.૨, તા.૧૫/૦૩/૨૦૨૦

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે અત્રેની કચેરીના સંદર્ભ-૧ દર્શિત પત્રથી રાજ્યની સરકારી અને ગ્રાન્ટ ઇન એઇડ માધ્યમિક શાળાના ધો-૧૦ના વિદ્યાર્થીઓની કારકિર્દી માર્ગદર્શન માટે એપ બેઝ્ડ ઇન્ટરેસ્ટ એન્ડ એપ્ટિટ્યૂડ ટેસ્ટનું આયોજન શાળાકક્ષાએ તા.૨૩/૦૩/૨૦૨૦ થી તા.૨૮/૦૩/૨૦૨૦ દરમ્યાન લેવા માટે આયોજન કરેલ હતું.

સંદર્ભ-૨ દર્શિત ગુજરાત સરકારના શિક્ષણ વિભાગના તા:૧૫/૦૩/૨૦૨૦ ના જાહેરનામાથી હાલમાં વિશ્વમાં તથા દેશમાં પ્રવર્તી રહેલ કોરોના વાઇરસની પરિસ્થિતિને ધ્યાને લેતાં રાજ્યમાં કોરોના વાઇરસનો ફેલાવો ન થાય તે માટે તકેદારીના પગલા રૂપે રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવેલ નિર્ણય અનુસાર રાજ્યની તમામ શૈક્ષણિક સંસ્થાઓમાં તા.૧૬/૦૩/૨૦૨૦ થી તા.૨૯/૦૩/૨૦૨૦ સુધી શૈક્ષણિક કાર્ય બંધ રાખવાની સૂચના બહાર પાડવામાં આવેલ છે. જે અન્વયે રાજ્યની સરકારી અને ગ્રાન્ટ ઇન એઇડ માધ્યમિક શાળાના ધો-૧૦ના વિદ્યાર્થીઓના કારકિર્દી માર્ગદર્શન માટે લેવામાં આવનાર એપ બેઝ્ડ ઇન્ટરેસ્ટ એન્ડ એપ્ટિટ્યૂડ ટેસ્ટ મોકૂફ રાખવામાં આવે છે. આ અંગે આપના જિલ્લાની સરકારી અને ગ્રાન્ટ ઇન એઇડ માધ્યમિક શાળાઓને જાણ કરશો.

ક્રમાંક/ 5023
જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,
બનાસકાંઠા જિલ્લા, પાલનપુર.
તારીખ: ૧૯/03/૨૦૨૦

— નકલ રવાના જાણ
તથા અમલ સારુ

જિલ્લા શિક્ષણાધિકારી,
બનાસકાંઠા જિલ્લા, પાલનપુર.

— પ્રતિ,
આચાર્યશ્રી,
મા. અને ઉ.મા. શાળાઓ તમામ.

Scanned by CamScanner